# ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ

(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
સરકારી પોલીટેકનીક કેમ્પસ, ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા, જુનાગઢ–૩૬૨ ૨૬૩, ગુજરાત(ભારત)

# BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH

[ Gujarat Public Universities Act No. 15/2023 ]
Government Polytechnic Campus, Bhakta Kavi Narsinh Mehta University Road, Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 : www.bknmu.edu.in || : academic@bknmu.edu.in

---

વિષય: શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ દરમ્યાન સ્નાતક (UG) અને અનુસ્નાતક (PG) કક્ષાના અભ્યાસક્રમોમાં ખાલી રહેલ બેઠકો પર પ્રવેશ અંગે Mop-Up રાઉન્ડ યોજવા બાબત.

## :: પરિપત્ર ::

ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ, યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોનાં અધ્યક્ષશ્રીઓ/ કો-ઓર્ડિનેટરશ્રીઓને જણાવવાનું કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૦૨૭ દરમ્યાન ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ (GCAS) પોર્ટલ મારફત સ્નાતક (UG) અને અનુસ્નાતક (PG) કક્ષાના (MPT, M.Sc.-Nursing, M.Opto., P.B.B.Sc. - Nursing સિવાય) અભ્યાસક્રમોમાં નિયત કરેલ તમામ રાઉન્ડ તથા ખાલી બેઠકોનો રાઉન્ડ (VSBC) પૂર્ણ થયેલ છે. વિવિધ યુનિવર્સિટી/કોલેજો ધ્વારા VSBC રાઉન્ડ પૂર્ણ થયા બાદ પણ વિવિધ પ્રોગ્રામોમાં બેઠકો ખાલી રહેલ છે તે અંગે રજૂઆત થતાં ખાલી રહેલ પ્રવેશ બેઠકો પર GCAS પોર્ટલ મારફત "તા.૦૭-૦૯-૨૦૨૬ થી Mop-Up રાઉન્ડ" યોજવામાં આવનાર છે. Mop-Up રાઉન્ડના આયોજન અંગે મળેલ મંજુરી અનુસાર શિડયુલ અનુસાર તેમજ આ રાઉન્ડની માર્ગદર્શિકા મુજબ મેરીટ યાદી તૈયાર કરવાની તથા મેરીટ જાળવવાની સંપૂર્ણ જવાબદારી સંબંધિત અનુસ્નાતક ભવનો -સંલગ્ન કોલેજ/સંસ્થાની રહેશે. આ રાઉન્ડ દરમિયાન GCAS પોર્ટલ પર કોઈ કટ-ઓફ/ બેઠકો દર્શાવવામાં આવશે નહીં. કોલેજો/સંસ્થાઓ/અનુસ્નાતક કેન્દ્રો/અનુસ્નાતક ભવનો ધ્વારા પારદર્શિતા જળવાય, મેરીટ અને અનામતના નિયમાનુસાર પ્રવેશ પ્રક્રિયા યોજવામાં આવે તે બાબત જે-તે સંસ્થા ધ્વારા સુનિશ્ચિત કરવાની રહેશે.

આ પ્રવેશ કાર્યવાહીની વિગત કૉલેજો / યુનિવર્સિટીની વેબસાઈટ, નોટિસ બોર્ડ, સોશિયલ મીડિયા તથા અન્ય ઉપલબ્ધ માધ્યમો દ્વારા વિદ્યાર્થીઓમાં વ્યાપક પ્રમાણમાં પ્રસારિત કરવી, જેથી કોઈ પણ પ્રવેશ પાત્ર વિદ્યાર્થી માહિતીના અભાવે પ્રવેશથી વંચિત ન રહે.

તમામ કોલેજો અને યુનિવર્સિટી અનુસ્નાતક ભવનો માટે નીચે દર્શાવેલ બાબતોનું પાલન કરવું ફરજિયાત છે:

### રજીસ્ટ્રેશન અને અરજી એડિટ, વિદ્યાર્થી ઓફર:

- જો કોઈ વિદ્યાર્થી અનિવાર્ય સંજોગોને કારણે GCAS પોર્ટલ પર રજિસ્ટ્રેશન કરીને પોતાની અરજી ઓનલાઇન સબમિટ કરી શકેલ નથી તેઓ તા. ૦૭/૦૯/૨૦૨૬ થી તા. ૧૧/૦૯/૨૦૨૬ સુધી GCAS પોર્ટલ પર રજિસ્ટ્રેશન કરી, પ્રોફાઈલ ભરી અને જરૂરી દસ્તાવેજો અપલોડ કરીને ઓનલાઇન અરજી સબમિટ કરી શકશે.
- જે વિદ્યાર્થીઓ અગાઉથી રજિસ્ટર્ડ હોય, તેમણે GCAS પોર્ટલ પર લોગ-ઇન કરી પોતાની અરજી એડિટ કરવી હોય તો તા.૦૭/૦૯/૨૦૨૬ થી તા.૧૧/૦૯/૨૦૨૬ સુધી કરી શકશે. તેમજ વિદ્યાર્થી ખરેખર જે કૉલેજ-યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા હોય તેમનું માર્ગદર્શન મેળવી તે મુજબ સંબંધિત કૉલેજ-યુનિવર્સિટી-પ્રોગ્રામ-મુખ્ય વિષયનો પ્રેફરન્સ આપવાનો રહેશે.

  **(ખાસ નોંધ: વિદ્યાર્થીએ તેનું ફોર્મ અનલોક કરીને જેટલી વખત એડિટ / પ્રેફરન્સ ચેન્જ કર્યા હોય ત્યારબાદ તે દરેક વખતે ફોર્મ સબમિટ કરવું ફરજીયાત / અનિવાર્ય છે, અન્યથા ફોર્મ પ્રવેશ માટે ધ્યાને લેવાશે નહીં.)**
- કોલેજોની માહિતી, પ્રવેશ અંગેની લાયકાત, પ્રવેશની સંપૂર્ણ વિગતો GCAS / યુનિવર્સિટીની વેબસાઈટ પર ઉપલબ્ધ છે તેનો બરાબર અભ્યાસ કર્યા બાદ જ ઓનલાઇન ફોર્મ ભરવું. પ્રવેશ રજીસ્ટ્રેશન ફી (બિન અનામતના કિસ્સામાં રૂ. ૩૦૦/-

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ

(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)

સરકારી પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા, જુનાગઢ–૩૬૨૨૬૩, ગુજરાત(ભારત)

**BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH**

[ Gujarat Public Universities Act No. 15/2023 ]

Government Polytechnic Campus, Bhakta Kavi Narsinh Mehta University Road, Khadiya, Junagadh-362263 (Gujarat)

Ph: 0285-2681400 : www.bknmu.edu.in || : academic@bknmu.edu.in


---

તેમજ અનામત / PwBD કેટેગરીના કિસ્સામાં રૂ. ૧૫૦/-) (Non Refundable) નેટ બેન્કિંગ, ડેબિટ / ક્રેડિટ કાર્ડ અથવા UPI થી જ ભરવાની રહેશે. અન્ય કોઈપણ રીતે રજીસ્ટ્રેશન ઉપલબ્ધ નથી.

**પ્રવેશ ઓફર અને કન્ફર્મેશન:**

- રજીસ્ટ્રેશન અથવા પ્રેફરન્સ અપડેટ થયા બાદ સંબંધિત કૉલેજ-યુનિવર્સિટી વિદ્યાર્થીની પાત્રતા ચકાસવાની રહેશે. ત્યારબાદ પ્રવેશના નિયમો – એલિજિબિલિટી, મેરીટની ગણતરી, ટાઈ-બ્રેકર, અનામત તથા અન્ય પ્રવર્તમાન જોગવાઈઓ નું ચુસ્ત પાલન કરી પ્રવેશ ઓફર કરવાની રહેશે. અસલ દસ્તાવેજોની ચકાસણી કરી તા.૦૭-૦૯-૨૦૨૬ થી તા. ૧૬-૦૯-૨૦૨૬ સુધીમાં પ્રવેશ કન્ફર્મ કરવાનો રહેશે.

  **ખાસનોંધ: જે-તે કોલેજ/સંસ્થા/અનુસ્નાતક ભવનો ધ્વારા તા:૧૨/૦૯/૨૦૨૬ સુધીમાં પ્રવેશ ઓફર જનરેટ કરવાની રહેશે. ત્યારબાદ ઓફર જનરેટ કરેલ હશે તો તેવા વિદ્યાર્થીના પ્રવેશ કન્ફર્મ થઇ શકશે નહિ જેની ખાસ નોંધ લઇ તા:૧૨/૦૯/૨૦૨૬ સુધીમાં ઓફર જનરેટ કરવાની રહેશે.**
- કોલેજો/અનુસ્નાતક કેન્દ્રો અને અનુસ્નાતક ભવનોએ પોર્ટલ પર ખાલી બેઠકો ભરવા માટે મંજુર ઇન્ટેકની મર્યાદામાં જ પ્રવેશ ઓફર કરવાની રહેશે.
- કોલેજો/અનુસ્નાતક કેન્દ્રો અને અનુસ્નાતક ભવનોએ મેરીટ કે અનામતના નિયમોનું પાલન કરવાનું રહેશે.

ઉપરોક્ત બાબતોનું ચુસ્તપણે અને અક્ષરશ: પાલન કરવું ફરજિયાત છે, જેની ખાસ નોંધ લેવાં વિનંતી છે.

(મુસદ્દો કુલસચિવશ્રી ધ્વારા મંજુર કરવામાં આવેલ છે.)

સહી

(ડૉ. આર.જી. પરમાર)

કુલસચિવ

રવાના કર્યું

મદદનીશ કુલસચિવ

ક્રમાંક: એકેડેમિક/યુજી-પીજી/પ્રવેશ/મોપ-અપ/1773/૨૦૨૬-૨૭

તા. ૦૭/૦૯/૨૦૨૬

પ્રતિ,

(૧) યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તરફ ....

(૨) યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગો વડાશ્રીઓ/ સ્વનિર્ભર અભ્યાસક્રમોના કો-ઓર્ડિનેટરશ્રીઓ તરફ.....

નકલ રવાના:

(૧) માનનીય કુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી

(૨) મેમ્બર સેક્રેટરીશ્રી, GCAS Cell, નોલેજ કોન્સર્ટીયમ ઓફ ગુજરાત, પ્રજ્ઞા પુરમ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ. તરફ.....